જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૫/૦૩/૨૦૨૬ બુધવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૪૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૦ કેસ કરી, ૩૮ વ્યક્તિઓને ઝડપી, ૨૫૬ લીટર દેશી દારૂ, ૧૦ ક્વાર્ટર ઇંગ્લીશ દારૂ અને ૦૧ સ્કુટર કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી, ૧૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૩૯,૫૭૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૪૨૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૨ વ્યક્તિઓની અટકાયત અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૪૨૬/૨૦૨૬**

એલીસબ્રીજઃ આણંદ જીલ્લા બોરસદ ખાતે રહેતી મહીલાએ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૯/૦૪/૨૦૨૪ થી તા.૧૭/૦૩/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન એલીસબ્રીજ કાલુપુર બેંક સામે પરીમલ ગાર્ડન ચાર રસ્તા વાલ્મીકી કોમ્પલેક્ષ પહેલો માળે આવેલ "A VISA EXPERT" ખાતે વિઝા કન્સલટન્સીના માલીક આરોપી કવીશ કપુરએ પરમેનન્ટ રેસીડન્સ વીઝા અપાવવાનો વિશ્વાસ આપી, મહીલા પાસેથી કુલ રૂપિયા ૪૦,૮૫,૦૦૦/– મેળવી લઈ પરમેનન્ટ રેસીડન્સી વીઝાના બદલે વર્ક પરપીટ વીઝાનુ કામ કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ વુ.પો.સ.ઇ.શ્રી એન.પી.પટેલ ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૪૨૭/૨૦૨૬**

નરોડાઃ ચેતનકુમાર ડાહ્યાલાલ પટેલ (ઉ.વ.૩૯)(રહે.મારૂતિ હોમ્સ શ્રીનાથ એલીગન્સ ન્યુ શાહીબાગ નાના ચિલોડા નરોડા) એ તા.૨૪/૦૩/૨૦૨૬ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૦૩/૨૦૨૬ સાંજના ૬/૦૦ થી તા.૨૧/૦૩/૨૦૨૬ રાતના ૮/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન નરોડા મુઠિયા ટોલ ટેક્ષની બાજુમા, ગામઠી હોટલ પાસે, શિવ એસ્ટેટમા આવેલ "પ્રીન્સ એન્ટરપ્રાઇઝ" નામની પોતાની ફેકટરીના દરવાજાના તાળાં તોડી અજાણી વ્યક્તિ ફેક્ટરીમાં પ્રવેશ કરી, ફેક્ટરીમાંથી રોકડ રૂપિયા ૧,૯૦,૦૦૦/– તથા સી.સી.ટી.વી.કેમેરાનુ ડી.વી.આર. કિમત રૂપિયા ૪,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.આર.ચૌધરી ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર યાદી નં.૪૨૮/૨૦૨૬**

સરખેજઃ સરખેજ બોપલ આંબલી ઇસ્કોન રોડ શીવાલીક એડજ બિલ્ડીંગ સામે રશ્મી ઘ કનેક્ટ લેબર કોલોની ખાતે રહેતા અને મજુરી કામ કરતા મતીયાશ સ/ઓ પાગલા ડામોર (ઉ.વ.૧૮)(મુળ વતન. ગામ–સજેલી સુરજી મોગજી સાત જાંબુઆ મધ્ય પ્રદેશ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૬ કલાક ૪/૨૦ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લોખંડની એંગલ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સરખેજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો.શ્રી નરેશકુમાર વેલજીભાઇ ચલાવે છે.

અમરાઇવાડીઃ હિનાબહેન ડો/ઓ સુરેશભાઇ હડીયેલ (ઉ.વ.૧૮)(રહે.હાજરાબીબીની ચાલી, લાલ બંગ્લા, નહેરૂનગર હાટકેશ્વર બસ સ્ટેશન સામે, અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૨૪/૦૩/૨૦૨૬ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે કપડું બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઇવાડી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એચ.આર.ભેટારીયા ચલાવે છે.

નિકોલઃ સુભાષ લક્ષ્મણભાઇ ગાયકવાડ (ઉ.વ.૪૫)(રહે.મફાભાઇ બબાભાઇની ચાલી, ચંદ્રભાગા સોસાયટી સામે, સુરજનગર ખોડીયારનગર નિકોલ) એ અગમ્ય કારણસર તા.૨૪/૦૩/૨૦૨૬ સવારના ૭/૩૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે લોખંડની પાઇપ સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે નિકોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી બી.જે.શેખવા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી